ાં
ને
ના
જન
પર્ધા,
ી અને
ધા જ
યો હતો.
બાળકોને
ઈનામો
તા. જેમાં
ણ કરવામાં
ઠ કુલ ૨૪
ની સ્પર્ધામાં

તિ પ્રસંગ ભાગ
યો હતો. તેમાં
એમ. સી. અધ્યક્ષ
ાવી હતી તથા
યત કરીને તેમની
ી.

### ફાઈન આર્ટ્સ ફેકલ્ટીના પૂર્વ વિદ્યાર્થીનું વકતવ્ય યોજાયું

# વિદ્યાર્થીઓને લેટરથી લોગો ડિઝાઈન સુધીના પાસાઓની માહિતી આપી

**સંદેશ**

MSUની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સમાં ગત તા.૨૩ જુનના રોજ ફેકલ્ટીના ૬૧ વર્ષ જુનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ટાઈપ ડિઝાઈનીંગ ક્ષેત્રે ૫૦ વર્ષનો બહોળો શૈક્ષણિક અનુભવ ધરાવતાં મહેન્દ્ર પટેલનું વકતવ્ય યોજાયું હતું. જેમાં તેમણે દેશ-વિદેશની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓએ કરેલાં કામનું પ્રેઝન્ટેશન બતાવી વિદ્યાર્થીઓને લેટર ડિઝાઈનથી લોગો ડિઝાઈન સુધીના તમામ પાસાંથી માહિતગાર કરાવ્યાં હતા.

જે વિશે ૭૯ વર્ષીય મહેન્દ્ર પટેલે કહ્યું હતું કે, ભારતમાં અનેક ભાષાઓને કારણે પોતાના જ દેશમાં વ્યક્તિ માટે સંવાદ કરવો મુશ્કેલ થઈ જાય છે. જો કે, હાલ ડિજિટલ યુગમાં ગૂગલને કારણે બધું જ સરળ છે. પરંતુ ટાઈપ ડિઝાઈન ક્ષેત્રે વિદ્યાર્થીઓએ રેલેવેન્ટ એલિમેન્ટ અને એપ્લિકેશનની પસંદગી વિશે માર્ગદર્શન આપવું તે શિક્ષકોને મેઈન રોલ છે. ટાઈપોગ્રાફીમાં વિઝિબલિટી અને રીડેબલિટી એમ બે મુખ્ય ફંકશન હોય છે અને સારો ડિઝાઈનર હંમેશા એપ્રોપ્રિએટ કોમ્બિનેશન પસંદ કરે છે.


મહેન્દ્ર પટેલ

મેં નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈનમાં ૩૯ વર્ષ પ્રધ્યાક તરીકે ફરજ બજાવી છે. તે સિવાય અત્યાર સુધી અનેક દેશોમાં વિઝિટીંગ ફેકલ્ટી તરીકે જઈ ચૂક્યો છું. ૨૦૧૦માં ભારતમાંથી એક માત્ર મને ઈન્ટરનેશનલ લેવલનો ગુટનબર્ગ એવોર્ડ અપાયો હતો.

૧૯૮૪માં દિલ્હીની રાબાકોન્ટીલ કંપની દ્વારા મને એપલનું કમ્પ્યુટર ભેંટ આપવામાં આવ્યું હતું. અત્યાર સુધી મેં વિવિધ સીટી, દેશો, ટુરિસ્ટ, કમ્યુનિટિ પ્લાનર સહિત ૭૦થી વધુ નકશા ડિઝાઈન કર્યાં છે.